सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૯ | ઓક્ટોબર ૨૦૦૯ | અંક-૨

## વાલીઓને.....

ગયા શારદમાં શ્રેણી ૧૦ની પરીક્ષા રદ કરવા સંબંધી મેં જણાવ્યું હતું. ગુજરાતે ખૂબ અગાઉથી આ અંગે ચર્ચા વિચારણા કરી હોવા છતાં CBSC ની પરીક્ષા અંગેનું નિશ્ચિત સ્વરૂપ લોકોને જાણવા મળ્યું છે. જ્યારે માધ્યમિક શિક્ષણ ઉચ્ચ માધ્યમિક બોર્ડની પરીક્ષા સંબંધી હજી સમિતિ અહેવાલ આપવાની છે. આપણે આ બાબતમાં પહેલા રહી શક્યા હોત જે તક ગુમાવી છે.

સમિતિ પાસે બીજો મુદ્દો બોર્ડમાં આવનાર વિદ્યાર્થીઓનું મેરીટ લીસ્ટ આપવું જોઈએ કે કેમ? તે અંગેનો છે. આ અંગે એ જણાવતાં જરા પણ ખચકાટ થતો નથી કે આવું લીસ્ટ આપવાનો કોઈ અર્થ જ નથી કારણ કે આ વિદ્યાર્થીઓના વિષયો સરખા હોતા નથી અને માધ્યમ પણ જુદા જુદા હોય છે. કોઈએ કમ્પ્યુટર લીધું હોય તો કોઈએ શારીરિક શિક્ષણ, તો કોઈએ સંગીત લીધું હોય છે. **આમ અસમાન વસ્તુની સરખામણી તર્કહીન બને છે.**

આ ઉપરાંત જવાબપત્રોની ચકાસણીની કાર્યવાહી પણ એકદમ ચોક્કસાઈપૂર્વક બનતી હોય તેવું બનતું નથી. આ સંજોગોમાં વિદ્યાર્થીને ભારે અન્યાય થતો હોય છે. એ પણ નોંધવા જેવું છે કે બોર્ડમાં વિદ્યાર્થીનું સ્થાન મેળવવા માટે અનિચ્છનીય ઉપાયો પણ યોજાતા જોવા મળે છે. વિદ્યાર્થીની ઓળખ છતી થઈ જાય તેવા ઉપાયોથી માંડીને ચોક્કસ વિદ્યાર્થીનો નંબર ચોક્કસ જગ્યાએ આવે, ચોક્કસ પરીક્ષક પાસે જાય, આ બધું થતું જોવા સાંભળવા મળે છે. આ અંગે ભૂતકાળમાં જે અનિચ્છનીય બાબત જોવા મળી હતી તે અંગેની સમિતિના હાથમાં કશું આવ્યું નથી.

કેટલીકવાર વિદ્યાર્થી બોર્ડમાં સ્થાન મેળવે તે માટે તેના પર માનસિક ખેંચાણ એટલુ આવતું હોય છે કે તે સરળતાપૂર્વક અભ્યાસ કરી શકતો નથી. વાલીઓની અપેક્ષા, સમાજમાં તેના શું પ્રત્યાઘાત પડશે તેની કલ્પનાઓથી આવા કિસ્સાઓમાં વિદ્યાર્થી તનાવયુક્ત સ્થિતિમાં આવી જાય છે. કેટલીકવાર ગુણચકાસણીનાં કિસ્સામાં વિદ્યાર્થીના ગુણમાં એટલો મોટો વધારો થતો હોય છે કે જે વિદ્યાર્થી કેન્દ્રમાં પણ ના આવ્યો હોય તે પોતાનું સ્થાન બોર્ડમાં લાવી શકતો હોય છે પરંતુ જે દિવસે વિદ્યાર્થીનું સન્માન થતું હોય છે તે દિવસ પછી ઘણા સમયે આવા વિદ્યાર્થી બોર્ડમાં સ્થાન મેળવે તો સન્માનથી તે વંચિત રહી જાય છે. આ એક માનસિક આઘાત પણ ધ્યાનમાં લેવો જોઈએ. આ ઉપરાંત અન્ય ઘણા કારણોસર આવું મેરીટ લીસ્ટ રદ થવું જોઈએ અને તેની સામે દરેક વિષયમાં પ્રથમ ૧૦, ૧૫, ૨૦, ૨૫ વિદ્યાર્થીના નામ મૂકવા તે વધારે તર્કયુક્ત છે.

(આ લખ્યા પછી સારા સમાચાર છે કે શૈક્ષણિક મંડળોએ પણ શ્રેણી ૧૦ની વૈકલ્પિક પરીક્ષા અને ધો.૧૧-૧૨માં સેમીસ્ટર માટે ભલામણ કરી છે.)

દિનુભાઈ દવે

ના વંદન

## સ્મૃતિચિત્રો

**પ.પૂ.આચાર્ય અરુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા. સાથે શૈક્ષણિક સત્સંગ**

જાણીતા ફોટોગ્રાફર શ્રી હર્ષદભાઈ વડોદરીયાએ થોડા વર્ષ પહેલાં જણાવ્યું કે જલતરંગ કલબ પાસે આવેલા જૈન દેરાસર પાસેના બંગલામાં શ્રી અરુણોદય સાગર મહારાજ આવ્યા છે અને તેમને શિક્ષણ અંગેની થોડી ચર્ચા કરવી છે. મેં તેમને તમારો રેફરન્સ આપ્યો છે, એટલે તમે તેમને મળવા જાવ તો સારું.

હું થોડી મૂંઝવણ સાથે ત્યાં ગયો ત્યારે મારા મનમાં મૂંઝવણ એ હતી કે એક જૈન મુનિ સાથે હું શિક્ષણની શું ચર્ચા કરીશ ? પણ તેમને મળવાની સાથે અમારા સમાન વિચારોને કારણે સમય કયાં પસાર થયો તે ખબર ના પડી એટલું જ નહિ પણ એમણે શારદામંદિરમાં કમ્પ્યૂટરના વર્ગ જોવા માટે પોતાની ઈચ્છા વ્યક્ત કરી, સ્થળ નજીકમાં જ હોઈ બીજે દિવસે સવારે તેઓ શારદામંદિરમાં આવ્યા. શારદામંદિરમાં અમે મલ્ટીમીડીયા પ્રોજેકશનથી વિદ્યાર્થી જોઈ શકે તે માટે એક મીની થીયેટર બનાવ્યું છે. તે તેમણે જોયું અને ખૂબ આનંદ વ્યક્ત કર્યો. તે વર્ષોમાં તો આ બધી વસ્તુ ખૂબ નવી હતી.

કાર્યક્રમ જોઈને તેઓ મારી ઓફિસમાં આવ્યા. તેમણે મારો ઓટોગ્રાફ માગ્યો. હું ભારે સંકોચ પામ્યો ને શું કરવું તે વિચારતો હતો ત્યાં શિક્ષણ અંગેની એક પુસ્તિકા "તોતોચાન" મારા ટેબલ પર પડી હતી તેના પર તેમને વંદનસહ આ પુસ્તિકા વહોરાવવાનું મેં વિચાર્યું ને આપી અને તેના ઉપર સહી કરી.

વાતચીત કરતાં શારદામંદિરનાં બાલમંદિર અંગે પણ ઘણી વાત ચાલી, એમણે બાલમંદિર જોવાની ઈચ્છા વ્યક્ત કરી. બીજે દિવસે અમે બાલમંદિર જોવા ગયા. બાલમંદિરમાં તો ૩-૪ વર્ષના બાળકો કેટલીક પ્રવૃત્તિઓ કરતા હતા. કોઈ મોતી પરોવતુ હતું, કોઈ બાટલીમાં પાણી નાખતું હતું, તો કોઈ પાણીથી ભરેલો પ્યાલો ઢોળાઈ ન જાય એ રીતે એક ઠેકાણેથી બીજે લઈ જતું હતું આ બધું જોઈને તેઓ ખૂબ ખુશ થઈ ગયા. અને બાલમંદિર કક્ષાએ તો આવું ખૂબ જરૂરી છે. તેવો પોતાનો પ્રતિભાવ આપ્યો. સાથે સાથે વાતચીત કરતાં અનાયાસે એમણે પણ જાણ્યું કે આ બાળકોએ આગળના દિવસે એટલે ગુડી પડવાને દિવસે લીમડાનો રસ પીધો હતો. અનેક વર્ષોથી બાળમંદિરમાં ગુડીપડવાને દિવસે બાળકોને લીમડાનો રસ પાવાનો ક્રમ રહ્યો છે. તેઓ ખુબ નવાઈ પામ્યા. તેઓએ બાળકોને પૂછ્યું કે 'તમે રસ પીધો હતો ?' તો બાળકો કહે, 'હા અમે પીધો હતો.' આ વાત તેમને એટલી બધી જચી ગઈ કે આજે પણ મને કહે છે કે તમારા બાળકોએ ગુડીપડવાને દિવસે કડવા લીમડાનો રસ પીધો તે વાત મારા પ્રવચનોમાં અનેક જગ્યાએ હું કરું છું.

કેટલાક વર્ષો પછી તેઓએ મને એ વાત કરી કે જોધપુરમાં એક જાપાની પ્રતિનિધિમંડળ સાથે તોતોચાન વિશે વાતચીત થઈ.તોતોચાન વિશે ભારતના લોકો જાણે છે તે જાણી ભારે આનંદ વ્યક્ત કર્યો હતો. એક સંતપુરુષ સાથે શૈક્ષણિક ચર્ચા કરવાનો અદભૂત લ્હાવો મને મળ્યો તેની મને ખૂબ પ્રસન્નતા છે.

દિનુભાઈ દવે

## 'ગુજરાતનો ગરબો ખોવાયો છે'

'બેન ! કાલે તો મારી દેવાંશી ઘેર આવીને કંઈ રડી છે ! મારાથી તો જોયું જતું નહોતું, એવી રડે, એવી રડે ને હીબકા ભરે, 'મને ગરબામાં કેમ ન રાખી ?' 'બેન ! ગમે તે થાય તમારે એને ગરબામાં તો રાખવી જ પડશે, આવું કેવી રીતે ચાલે ? તમે ગરબા કરો ને છોકરાઓને રહેવાનું મન ન થાય ?'

'બેન ! મન તો થાય જ ને ! ગરબો કરવો તો બધી જ છોકરીઓને ગમે, પણ સ્ટેજ ફંક્શન કરવાનું હોય ત્યારે અમારે સંખ્યા પણ મર્યાદીત જ લઈ શકાય, અને અમુક આવડત હોય એવી જ વિદ્યાર્થિનીઓને લઈ શકાય... એક એક ધોરણના બે બે વર્ગોની લગભગ પંચાવન સાઈઠ છોકરીઓમાંથી માંડ અઢાર કે વીસ છોકરીઓને પસંદ કરવાની હોય, એટલે બહુ જ સારો ગરબો કરતી હોય તેવી જ છોકરીઓ પસંદગી પામી શકે.'

'એટલે શું અમારા છોકરાંઓને એમાં ચાન્સ જ ન મળે ? અરે ! મારી દેવાંશી તો દર સાલ કલબમાં મોડે સુધી ગરબામાં ઘૂમે છે. ગરબો કરતાં કયારેય થાકતી નથી. બાલમંદિરમાં તો એ હંમેશા ગરબામાં રહેતી હતી. અને હવે એને પસંદ ન કરો તો એ કેવી નાસીપાસ થઈ જાય ! અને કદાચ ઓછું વધતું આવડે તો તમારે એને શીખવવાની ય ફરજ નથી ? ના, ના, તમારે એને રાખવી જ પડશે. મેં તો આજે એને ચણિયાચોળી લઈને જ મોકલી છે, મેં એને કહી દીધું છે, 'બેન ભલે ગમે તેમ કહે, તારે ગરબામાં રહેવાનું જ છે' એ તો છોકરાં એમ જ શીખે ને ! નહીં તો એ આગળ કયાંથી વધશે ?'

બાલમંદિરમાં તો બધાં જ છોકરાઓને સ્ટેજ પર લાવી શકાતાં હોય છે પણ પ્રાયમરી સ્કૂલથી સંખ્યા ઘણી વધી જાય અને એટલે આ પસંદગીનો પ્રશ્ન તો ઉભો થાય જ છે, હજી આ બધી માથાઝીકમાંથી માંડ બહાર આવી ગરબાની ગાડી માંડ પાટા પર દોડવા માંડે, અને ફંકશનના દિવસો પાસે આવે એટલે ફરી પાછાં પ્રશ્નો ઉભા થાય...

આપણને ગુજરાતીઓને ગરબો ગમે છે, ગરબે ઘૂમવું ગમે છે, પણ તે માટે ગુજરાતી traditional ડ્રેસનું શું ?પ્રેકટીસ કરાવતાં જ ખબર પડવા માંડે કે ગુજરાતમાં હવે ગરબો ખોવાવા માંડયો છે. હવે આ ઉગતી નવી પેઢીને તાલી પાડતાં, પગની ઠેસ મારતાં, ગ્રેસફૂલી ગરબો ગાતાં, શીખવવું એ બહુ અઘરું કામ બની ગયું છે. પહેલાં તો ઘરમાં દીકરી અઢી ત્રણ વર્ષની થાય એટલે પગનો ઠમકો મારીને, પગની ઠેસ લઈને સરસ મઝાની તાલી દઈને ગરબો ગાતી. માબાપ, દાદા,દાદી એને તાળીઓથી વધાવી લઈ પ્રોત્સાહિત કરતા. મા પણ સરસ ગરબા ગાતી પણ હવે ! હવે પશ્ચિમની સંસ્કૃતિની ઘણી અસર આવી છે. પહેલાં તો સોસાયટીમાં, પોળમાં નવરાત્રીમાં થતાં ગરબા એ નાનપણથી જુએ ને એનામાં એ સંસ્કારો રેડાતા, પણ હવે ! હવે તો આખું કલ્ચર જ બદલાઈ ગયું છે. ગુજરાતનો સંસ્કારીતાભર્યો , ગૌરવભર્યો ગરબો તો જાણે ખોવાઈ જ ગયો છે.

અત્યારે પણ નવરાત્રિના નવ,દસ દિવસ સુધી ખાસ્સી મોડી રાત સુધી ગરબાની ધમાધમ ચાલે છે ખરી પણ એમાં ટી.વી. અને ફીલ્મી કલ્ચરની એટલી તો અસર વરતાય છે કે નથી રહ્યું એમાં માધુર્ય, લાવણ્ય કે લાલિત્ય, નાજુકતાની મીઠાશ, માત્ર વૃત્તિઓને બહેકાવે એવી ધમાધમ, માથું ફાટી જાય એવું સંગીત, કલાથી તો આત્માને આનંદ અને શાંતિ મળવી જોઈએ પણ હવે ! હવેનાં ગરબામાં તો માત્ર યૌવનનો ઉન્માદ જ જોવા મળે છે. શરૂઆતમાં માતાજીની આરતી કરી શરુ થતાં ગરબામાં,માતાજીની આરાધના તો પછી કયાંય વિસારે પડી જાય છે ને હૃદયમાંથી ઉદગાર સરી પડે છે, **'બહેકાવે તે વિકૃતિ અને મહેકાવે તે સંસ્કૃતિ.'** નવી પેઢીને કોણ સમજાવે !

અને એ નાની દીકરીઓને માટે એમની મમ્મીઓ પાસેથી ઓઢણીઓ મેળવતાં મેળવતાં તો ભારે મુશ્કેલી પડી ગઈ, ગુજરાતી ભાષા, ગુજરાતી સંસ્કૃતિ આ બધાંને ટકાવી રાખવી એ ભારે ચિંતાનો વિષય બની ગયો છે. એક તો હવે દીકરીઓનાં વાળ પણ બોયકટ કરાવેલા હોય, એ દીકરી ગરબામાં કેવી વરવી લાગે ? એનું માધુર્ય લાગે ખરું ? દીકરીને ગરબામાં રાખવી હોય ને મમ્મીની ઓઢણી લાવી આપવા માટેની ય ઉદાસીનતા જોઈને મને ખૂબ દુઃખ થયું. અરે ! આજની ડ્રેસ પહેરતી મમ્મીને ઓઢણીની ય ખબર ન પડે ! આપણે કયાં જઈ રહ્યા છીએ ? હવે પાશ્ચિમાત્ય સંસ્કૃતિની ઘણી અસર આવી ગઈ છે. આધુનિકતાના ઓઠા હેઠળ આપણે આપણું નારીત્વ, ગુજરાતનું ગૌરવ, લાલિત્ય, સંસ્કૃતિ આ બધું જ ઠેબે ચઢાવીશું !!!!! ગુજરાતનો ગૌરવભર્યો ગરબો કરવાનો આપણને અધિકાર છે ખરો !

**ઊર્મિલા શાહ**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા.૨૮-૭-૦૯ને મંગળવારે શાળાનાં સ્થાપનાદિન નિમિત્તે સરસ્વતીપૂજન કરાવી બાલપૂજન કરવામાં આવ્યું. નાના બાળકોએ સુંદર ગીતોમાં ભાગ લીધો. તોરણ, સાથિયા, ગુંદરકામ, છાપકામ, સ્પ્રેકામ જેવી અવનવી પ્રવૃત્તિ કરવાની મઝા માણી.

પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન ભગવાન શિવની પૂજા કરાવી. પૂજામાં વપરાતી સામગ્રીની બાળકોને સમજ આપી ને પ્રસાદ આપ્યો. બાળકોને ખૂબ આનંદ આવ્યો.

તા.૪-૮-૦૯ને મંગળવારે રક્ષાબંધન નિમિત્તે ભાઈબહેનના પ્રેમના પ્રતિક રૂપી રેશમના ધાગાનું મહત્વ સમજાવી બાળકોને રાખડી બાંધી તિલક કરી, મોં મીઠું કરાવ્યું.

તા.૧૩-૮-૦૯ના રોજ તાલીમના બાળકોએ જન્માષ્ટમી નિમિત્તે 'નંદોત્સવ'નો સુંદર પ્રોગ્રામ રજૂ કર્યો. જેમાં કૃષ્ણજન્મ, મટકીફોડ, નાગદમન જેવા કૃષ્ણલીલાના પ્રસંગોને વણી લઈને નૃત્યનાટિકા ભાવવાહી રીતે રજૂ કરવામાં આવી. કંસના પાત્રમાં ધ્રુવભાઈની અભિવ્યક્તિ ખૂબ જ સરસ રહી અને નાનકડા દેવમ્ભાઈએ ટોપલામાં બેસી બાલકૃષ્ણની ઝાંખી કરાવી.**'નંદ ઘેર આનંદ ભયો,જય કનૈયા લાલકી'** ના નાદથી સારું ય બાલમંદિર ગાજી ઉઠયું. ઉલ્લાસભર્યા એ વાતાવરણમાં ચિ.બેન આનલના મુખ્ય સ્વરે ગવાયેલાં સંગીતે આખાય કાર્યક્રમને ખૂબ સફળ બનાવ્યો. 'મૈયા મોરી મેં નહીં માખન ખાયો' માં પણ ચિ.બેન આત્રેયીનું ભાવવાહી નૃત્ય પણ ખૂબ પ્રશંસનીય રહ્યુ.

તા.૧૫મી ઓગસ્ટ નિમિત્તે બાળકોને રાષ્ટ્રધ્વજ બતાવી બાળકોને રાષ્ટ્ર પ્રત્યેની ફરજો વિશે સમજાવી ધ્વજનું મહત્વ સમજાવ્યું.

તા.૨૧-૮-૦૯ના રોજ મહાવીર જન્મ વાંચન નિમિત્તે સ્તવનોનો કાર્યક્રમ યોજી ધૂન બોલાવી.

તા.૨૨-૮-૦૯ને શનીવારે ગણેશચતુર્થી નિમિત્તે સમૂહવાર્તા દ્વારા તહેવારનું મહત્વ સમજાવી વાજતે ગાજતે ગણપતિ સ્થાપન કરવામાં આવ્યું. એમનાં દરેક અંગોનું મહત્વ સમજાવ્યું અને અનંતચૌદશે વિસર્જન વિશેની પણ સમજ આપી.

તા.૧૩-૮-૦૯ને ગુરુવારે જન્માષ્ટમી કાર્યક્રમ વખતે બાળકો, શિક્ષકો અને વાલીમિત્રોને શહેરમાં ફેલાયેલા સ્વાઈનફ્લૂ જેવા રોગની માહિતી આપવા વી.એસ.હોસ્પીટલમાંથી આવેલા ડૉક્ટરોએ સમજ આપી.

તા.૧૯-૯-૦૯ને શનીવારના રોજ નવરાત્રિ મહોત્સવ ઉજવાયો.ત્રણેય વિભાગના બાળકોએ માથે માંડવી, જવારા, મંજીરા, દાંડીયા, દીવા, વિ. લઈને ખૂબ સુંદર રીતે હલકમય ગરબાની રજૂઆત કરી. બાલમંદિરથી જ આ બાળકોને ગરબાનાં સંસ્કાર રેડવામાં આવે છે, અને નવરાત્રિ મહોત્સવ પાછળ ભારે મહેનત કરવામાં આવે છે. ગુજરાતનો ગરબો જળવાઈ રહે એ માટે અમારો સતત પ્રયત્ન ચાલુ જ છે. એ માટે વાલી તરફથી પૂરતા સહકારની અપેક્ષા રાખીએ છીએ. કારણ ગરબો એ તો ગુજરાતની સંસ્કૃતિ અને ગૌરવ છે.

અધર્મ પર ધર્મનો વિજય થાય છે એ સમજાવી દશેરા પર્વની ઉજવણીનું મહત્વ બાળકોને સમજાવ્યું.

તા.૧-૧૦-૦૯નાં રોજ બાળકોને પૂ.ગાંધીજીનાં જન્મદિન નિમિત્તે ભજન અને પ્રાર્થના કરાવી, બાળકોને રાષ્ટ્રપિતા ગાંધીજીના જીવનવૃત્તાંત અને સાબરમતી આશ્રમ વિશે વિસ્તૃત માહિતી આપી.

દિવાળી પર્વની ઉજવણીમાં ઘેર આવતાં મહેમાનોનું સ્વાગત કેવી રીતે કરવું એની પ્રત્યક્ષ પાઠ દ્વારા સમજ આપી. સુશોભનમાં કંકુના સાથિયા, તોરણ, રંગોળી કરાવી, દિવાળી કાર્ડ બનાવી તેમાં રંગપૂરણી કરાવી, ધનતેરસ, દિવાળી જેવા પર્વનું મહત્વ સમજાવ્યું.

## શિશુમંદિર

### આંતરગૃહ સ્પર્ધાઓ :

**પંચાજીરી સ્પર્ધા** તા.૧૨-૮-૦૯

| | | | |
|---|---|---|---|
| સ્વાદ | પ્રથમ | માનસી પરીખ | રત્નદીપ |
| | દ્વિતીય | હેત મિસ્ત્રી | મેઘનાદ |
| | તૃતીય | પ્રિન્સી ઝવેરી | ગંગોત્રી |
| | | નિતિક્ષા શાહ | રત્નદીપ |
| ડેકોરેશન | પ્રથમ | કશ્યપ ગોહેલ | મેઘનાદ |
| | દ્વિતીય | પ્રિન્સી ઝવેરી | ગંગોત્રી |
| | | માનસી પરીખ | રત્નદીપ |
| | તૃતીય | પરમ પૂજારા | મેઘનાદ |

**પારણા સ્પર્ધા** તા.૪-૮-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | મૈત્રી ત્રિવેદી | મેઘનાદ |
| દ્વિતીય | રીયા પટેલ | રત્નદીપ |
| | ખુશાલી શાહ | ધવલગિરિ |
| તૃતીય | ધ્યેય શાહ | ગંગોત્રી |
| | હેત્વી ત્રિવેદી | મેઘનાદ |

**ગણેશમૂર્તિ** તા.૨૮-૮-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | નૂપુર મહેતા | મેઘનાદ |
| દ્વિતીય | જયદીપ હાપલીયા | ગંગોત્રી |
| | વિશ્વા કકૈયા | મેઘનાદ |
| તૃતીય | કલગી શાહ | ગંગોત્રી |

**નંદાવર્ત સાથિયા** તા.૨૮-૮-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | દ્રષ્ટિ શાહ | રત્નદીપ |
| દ્વિતીય | હેત્વી દેસાઈ | ધવલગિરિ |
| તૃતીય | શિલ્વી શાહ | ધવલગિરિ |
| | વર્ધન શાહ | ધવલગિરિ |

તા.૧૩-૮-૦૯ ગુરુવારે બાળકોએ કૃષ્ણબાળલીલાના પ્રસંગો સુંદર અભિવ્યક્તિથી રજૂ કર્યા અને સ્વાતંત્ર્ય સેનાનીનું નાટક રજૂ કર્યું.

## વિનયમંદિર

### આંતરગૃહ સ્પર્ધાઓ :

**નિબંધ લેખન સ્પર્ધા** તા.૧-૭-૦૯

| | | | |
|---|---|---|---|
| ગુજરાતી | પ્રથમ | માર્ગી જોષી | ચંદ્રમૌલિ |
| | દ્વિતીય | આયુષ શાહ | ગીતગોવિંદ |
| | તૃતીય | હેમ સોપારકર | મેઘદૂત |
| હિન્દી | પ્રથમ | શૈલી શાહ | ગીતગોવિંદ |
| | દ્વિતીય | સલોની તિવારી | મેઘદૂત |
| | તૃતીય | સોનિયા શાહ | ગીતગોવિંદ |
| અંગ્રેજી | પ્રથમ | માનુષ પટેલ | મેઘદૂત |
| | દ્વિતીય | મીત શાહ | ગીતગોવિંદ |
| | તૃતીય | યશ્વી દલાલ | ગીતગોવિંદ |

**મહેંદી સ્પર્ધા** તા.૮-૭-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | વ્યોમા મહેતા | ગીતગોવિંદ |
| દ્વિતીય | દેવલ કોન્ટ્રાક્ટર | ચંદ્રમૌલિ |
| | આરતી મર્થક | મેઘદૂત |
| તૃતીય | રોશની મહેતા | પદ્મપુકુર |
| | ધ્રુવી ગજ્જર | પદ્મપુકુર |
| | શૈલી શાહ | ગીતગોવિંદ |

**વકતૃત્વ સ્પર્ધા** તા.૨૧-૭-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | કૃતિ શાહ | ચંદ્રમૌલિ |
| દ્વિતીય | જાનકી પટેલ | ગીતગોવિંદ |
| તૃતીય | માનુષ પટેલ | મેઘદૂત |

નિર્ણાયક તરીકે શ્રી સુધાબેન ભટ્ટે સેવા આપી.

**પારણા સ્પર્ધા** તા.૧૩-૮-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | ખુશી બ્રોકર | મેઘદૂત |
| દ્વિતીય | કૃતિ શાહ | ચંદ્રમૌલિ |
| | હિતાંશુ જોશી | ગીતગોવિંદ |
| | પ્રાજ સોની | પદ્મપુકુર |
| તૃતીય | મીત શાહ | ગીતગોવિંદ |
| | કક્ષા શાહ | મેઘદૂત |

**પંચાજીરી સ્પર્ધા** તા.૧૩-૮-૦૯

| | | | |
|---|---|---|---|
| સુશોભન | પ્રથમ | પૂર્વાંશી ઠક્કર | ગીતગોવિંદ |
| | દ્વિતીય | પંથીલ સુથાર | ચંદ્રમૌલિ |
| | તૃતીય | સૃષ્ટિ ઠક્કર | ચંદ્રમૌલિ |
| | | અદિતિ પટેલ | મેઘદૂત |
| સ્વાદ | પ્રથમ | ધ્વનિ શાહ | મેઘદૂત |
| | દ્વિતીય | તિથિ પરીખ | પદ્મપુકુર |
| | તૃતીય | ખુશબુ ઠક્કર | ચંદ્રમૌલિ |
| | | પાર્શ્વ ગાંધી | પદ્મપુકુર |

**ગણેશમૂર્તિ** તા.૨૭-૮-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | હિમાંશી દવે | ચદ્રમૌલિ |
| દ્વિતીય | ખુશબુ ઠક્કર | ચંદ્રમૌલિ |
| | અનેરી મોદી | પદ્મપુકુર |
| તૃતીય | હેલી પરીખ | ગીતગોવિંદ |

નંદાવર્ત સાથિયા સ્પર્ધા તા.૨૭-૮-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | શૈલી શાહ | ગીતગોવિંદ |
| દ્વિતીય | હની શાહ | ચંદ્રમૌલિ |
| | સોનિયા શાહ | ગીતગોવિંદ |
| | ભૂમિ શાહ | પદ્મપુકુર |
| તૃતીય | બિરવા શાહ | ચંદ્રમૌલિ |

## Shardamandir Modern School

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**નંદાવર્ત સાથિયા સ્પર્ધા** તા.૨૭-૮-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | વૈશલ શાહ | પલાશ |
| દ્વિતીય | હેલી દલાલ | અમલતાસ |
| | શિવાની શાહ | પલાશ |
| તૃતીય | મેહા શાહ | કદંબ |
| | કુશલ શાહ | કદંબ |

**સાથિયા સ્પર્ધા**

| | | |
|---|---|---|
| પ્રથમ | મૌલિ સોની | પલાશ |
| દ્વિતીય | આયુષી કોઠારી | કદંબ |
| | પ્રાચી સોની | અમલતાસ |
| તૃતીય | ઝીલ કોન્ટ્રાક્ટર | પલાશ |
| | નંદીશ ભગત | અમલતાસ |

તા.૭-૮-૦૯ને શુક્રવારે ધો.૩-૪ માટે રાખડી બનાવવાની તથા ધો.૧-૨ માટે કૃષ્ણ શણગારવાની સ્પર્ધા યોજવામાં આવી.

તા.૫ મી સપ્ટેમ્બરના રોજ શિક્ષકદિન નિમિત્તે વિદ્યાર્થીઓએ વકતવ્ય રજૂ કર્યા, શ્લોકો, નાટિકા રજૂ કર્યા અને શિક્ષકોનું ભાવભરી રીતે અભિવાદન કર્યું.

**નવરાત્રિ મહોત્સવ :**

તા.૨૬-૯-૦૯ના રોજ નવરાત્રિ મહોત્સવ ઉજવાયો. ધો.૧ થી ૯ ની ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની બહેનોએ ખૂબ સરસ ગરબા રજૂ કર્યા. ગરબામાં ઘણી વિવિધતા હતી.

## અભિનંદન

| સંસ્થા | વિજેતા | ઈનામ |
|---|---|---|
| | **વકતૃત્વ સ્પર્ધા** | |
| સરદાર સેવા સમાજ ટ્રસ્ટ | કૃતિ શાહ | તૃતીય |
| | **ચિત્ર સ્પર્ધા** | |
| ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ તત્કાલ ચિત્ર સ્પર્ધા | ગરિમા મહેતા | સુવર્ણચંદ્રક |
| એકસપેરીમેન્ટ ઈન ઈન્ટરનેશનલ લીવીંગ | હેત્વી ઝવેરી | આશ્વાસન |
| | **ચેસ સ્પર્ધા** | |
| ઈન્ટર સ્કુલ ચેસ ટુર્નામેન્ટ | તિગ્માંશુ દવે | છઠ્ઠો ક્રમ |
| | **નિબંધ સ્પર્ધા** | |
| અખિલ હિંદ મહિલા | નેહા ત્રિવેદી ધો.૫ | પ્રથમ |
| પરિષદ એલીસબ્રીજ | રિધ્ધિ વોરા ધો.૬ | પ્રથમ |
| શાખા | રીયા ભટ્ટ ધો.૭ | દ્વિતીય |

## એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન સ્કોલરશીપ વિતરણ સમારંભ

તા.૮-૧૦-૦૯ને ગુરુવારના રોજ યોજાયેલ આ સમારંભમાં એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી માધ્યમિક વિભાગનાં શ્રી **યોગિતાબેન શર્મા** તથા પ્રી.પ્રાયમરીના **શ્રી પૂજાબેન બેચાની** ઉપસ્થિત રહ્યાં હતા. શ્રી યોગિતાબેને એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશનનો વિસ્તૃત પરિચય આપ્યો અને એ બંને મહેમાનોના શુભહસ્તે એવોર્ડ આપવામાં આવ્યાં. આ પ્રસંગે **મુ.દિનુભાઈ, શ્રી દિનેશભાઈ ઓઝા** અને **શ્રી ઊર્મિલાબેન** ઉપસ્થિત રહ્યા.

## સંસ્થાનું ગૌરવ

શારદામંદિરના તેજસ્વી ભૂતપૂર્વ વિદ્યાર્થી **નિલય ઓઝા** અત્યારે ફીનલેન્ડના ટેકનીકલ રીસર્ચ સેન્ટરમાં VTT માં સીનીયર રીસર્ચ સાયન્ટીસ્ટ છે. તે VTT ના સાયન્ટીસ્ટ તરીકે યુરોપિયન રીસર્ચ પ્રોજેકટસમાં આગળ સંશોધન અને ઘણું જરૂરી માર્ગદર્શન આપે છે. ફીનલેન્ડના Flexi પ્રોજેકટમાં તે VTT ના લીડર તરીકે કામ કરી રહ્યા છે. ભાઈ નિલય આ અંગે એક પુસ્તક પણ તૈયાર કરી રહ્યા છે. સંસ્થા આ માટે ગૌરવ અનુભવે છે અને ભાઈ નિલયને હજી ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામના પાઠવે છે.

શારદામંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થી **શૈલેશ રાવળે** તૈયાર કરેલ **'વડનગર વિરાસતનો તસવીર વૈભવ'**પુસ્તકનો લોકાર્પણ સમારોહ તા.૪-૧૦-૦૯ના રોજ યોજાયો. વિમોચનવિધિ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી **નરેન્દ્રભાઈ મોદીના** હસ્તે કરવામાં આવી. ભાઈ શૈલેશ રાવળને ખૂબ અભિનંદન. સંસ્થા આ માટે ગૌરવ અનુભવે છે.

શારદામંદિર વિનયમંદિરના ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની ટીમે ઈન્ટરસ્કૂલ વોલીબોલ કોમ્પીટીશન ૨૦૦૯માં પાલડી વોર્ડમાં ફાઈનલમાં વિજેતા બની શાળાને ગૌરવ અપાવ્યું છે. આ ટીમમાં **દર્શન શાહ ( કેપ્ટન) ઈશાન ઠક્કર (વાઈસ કેપ્ટન) દેવાંશ દવે, દર્શ મહેતા,સૌમ્ય શાહ,વરૂણ ભટ્ટ, ધ્રુવ પટેલ, શૈલ રાબડુ, પાર્થ શાહ ,ભૂષણ મહેતા** પાલડી વોર્ડની જુદી જુદી સ્કુલ સામે રમ્યા હતાં જેમાંથી જિલ્લા કક્ષાએ દર્શન શાહ,ઈશાન ઠક્કર અને દેવાંશ દવે જીલ્લા કક્ષા માટે પસંદ થયા. ત્યારબાદ ભાઈ દર્શન શાહ તો રાજ્યકક્ષાએ પણ પસંદગી પામ્યા છે. આ માટે સૌ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન. સંસ્થા તે માટે ગૌરવ અનુભવે છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તરફથી તા.૩૦-૯-૦૯ના રોજ યોજાયેલ અમદાવાદ શહેર કક્ષાના વિજ્ઞાન -ગણિત પ્રદર્શનમાં આપણી શાળાના ધો.૯ માં ભણતા **ચિ.પૂર્ણ મહેતા** અને **ચિ.હિતાંશુ જોશીએ** ' સૌર ઉર્જાના ઉપયોગ' વિશે કૃતિ તૈયાર કરીને મૂકી હતી જેને જિલ્લા કક્ષામાં પ્રદર્શન માટે પસંદ કરવામાં આવી છે. હવે તા.૮,૯,૧૦ ઓકટોબરના રોજ એ જિલ્લા કક્ષાએ પ્રદર્શિત થશે. સંસ્થા બંને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવે છે.

**તા.૧૫-૧૦-૦૯ને ગુરુવારથી તા.૪-૧૧-૦૯ને બુધવાર સુધી શાળામાં દિવાળી વેકેશનની રજા રહેશે.તા.૫-૧૧-૦૯ને ગુરવારથી શાળા રાબેતા મુજબ શરૂ થશે.**

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda.mandir@yahoo.com